
**વડીલોને વંદન**
**અભિનંદન**



અમરીશ ભેનતરાય વ્યાસ
(૧૯૫૧)ફોન:૨૩૨૬૧૭૭૧



મોહનભાઈ કે. સિનોલ
(૧૯૪૪)ફોન:૯૪૨૭૭૧૨૩૩૩

# સાબરકાંઠા જિલ્લામાં ભાજપનો ભગવો લહેરાયો

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા જિલ્લામાં મુદત પૂર્ણ થતા ચાર નગરપાલિકા અને એક પાલિકામાં એમ પાંચ નગરપાલિકામાં ચુંટણી યોજાઈ હતી. જેમાં ભાજપે પોતાની ત્રણ નગરપાલિકા યથાવત રાખી હતી વધુ એક કોંગ્રેસ પાસેથી નગરપાલિકા આંચકી લીધી હતી જેથી કોંગ્રેસનો સફાયો થયો હતો અને ભાજપનો ભગવો લહેરાયો હતો.

જિલ્લા ચુંટણી કચેરીથી મળેલ માહિતી મુજબ જિલ્લાની ખેડબ્રહ્મા, ઈડર, પ્રાંતિજ, તલોદ અને મોડાસા પાલિકાની બે બેઠકો સહિતની ચુંટણીનું મતદાન યોજાયા બાદ મંગળવારના રોજ પ્રાંતિજ પાલિકાની પ્રાંતિજ મામલતદાર કચેરી, તલોદ પાલિકાની તલોદ મામલતદાર કચેરી, ઈડર પાલિકાની પીટીસી કોલેજ, ખેડબ્રહ્મા પાલિકાની શેઠ કે ટી હાઈસ્કુલ અને મોડાસા પાલિકાની બે બેઠકો માટે મોડાસા પ્રાથમિક શાળા નં.-૧માં સવારે ૮ વાગેથી મત ગણતરી હાથ ધરાઈ હતી અને બપોરે ૧૨ વાગે સુધીમાં તમામ નગરપાલિકાના પરિણામો આવી ગયા હતા જયારે ભાજપે ચારેય નગરપાલિકામાં સત્તા મેળવી હતી. જેમાં ખેડબ્રહ્મા નગરપાલિકામાં ૯ વોર્ડમાં ૨૭ બેઠકોમાંથી ભાજપને ૧૪, કોંગ્રેસને ૧૨ અને અપક્ષને ફાળે ૧ બેઠક, ઈડર નગરપાલિકામાં ૯ વોર્ડમાં ૨૭ બેઠકોમાંથી ભાજપને ૧૬, કોંગ્રેસને ૭ અને અપક્ષને ફાળે ૪ બેઠક, પ્રાંતિજ નગરપાલિકામાં ૭ વોર્ડમાં ૨૧ બેઠકોમાંથી ભાજપને ૧૬, અને અપક્ષને ફાળે ૫ બેઠક મળી હતી. કોંગ્રેસ પોતાનું ખાતું ખોલાવી શકી ન હતી. તલોદ નગરપાલિકામાં ૭ વોર્ડમાં ૨૧ બેઠકોમાંથી ભાજપને ૧૪, કોંગ્રેસને ૭ બેઠકો મેળવીને કોંગ્રેસ પાસેથી ભાજપની સત્તા મેળવી હતી અને મોડાસા નગરપાલિકામાં ભાજપ એ વોર્ડ નં. ૬ની બેઠક અને કોંગ્રેસ એ વોર્ડ નં. ૮ની એમ એક એક બેઠક મળી હતી જેથી હવે મોડાસા પાલિકામાં ભાજપની ૧૮ અને કોંગ્રેસની ૧૭ અને અપક્ષને ફાળે ૧ બેઠક છે. ભાજપનો ભગવો સાબરકાંઠા જિલ્લાની ચારેય નગરપાલિકામાં લહેરાતા જિલ્લા, તાલુકા અને શહેરના ભાજપના કાર્યકરોએ તાલુકા મથકે અને જિલ્લા મથકે મીઠાઈ વહેંચી અને ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવ્યો હતો આ અંગે જિલ્લા ભાજપના પ્રમુખ જે.ડી. પટેલ એ જણાવેલ કે જિલ્લામાં યોજાયેલી વિધાનસભાની બેઠકો પર વિપરીત પરિણામો આવ્યા હતા પરંતુ નાગરિકો તે પરિણામોને ખોટા પાડી વિકાસને વળગી રહી છે અને પરિવર્તન લાવી છે આ અંગે જિલ્લા ભાજપના મહામંત્રી વિજયભાઈ પંડયાએ જણાવેલ કે ઈડર નગરપાલિકામાં ભાજપે ૧૬ બેઠકો સાથે કબજે કરી છે ત્યારે ૪ અપક્ષમાંથી બે અપક્ષો ભાજપમાં જોડાયા છે.




## હિંમતનગરમાં ટ્રકની ટક્કરમાં મોટરસાયકલ સવાર ત્રણને ઈજા

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરના જી.આઈ.ડી.સી. સર્કલ પાસે એક ટ્રક ચાલકે એક મોટર સાયકલને ટક્કર મારતા તણેયને ઈજા થયેલાનું હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશને નોંધ થઈ હતી. હિંમતનગરથી અમદાવાદ હાઈવે રોડ ઉપર જી.આઈ.ડી.સી. સર્કલ પાસે એક ટ્રકચાલકે પોતાના ટ્રક નં. આર.જે-૨૭-જી-૯૩૪૫નો ચાલકે પોતાના કબજાની ટ્રક બેદરકારી રીતે અને ગફલતભરી રીતે હંકારી લાવી આગળ જતી મોટરસાયકલ નં. જીજે-૧૮-એ.ઈ-૦૦૪૨ને ટક્કર મારતાં જગતસિંહ જાલમસિંહ વાઘેલા ઉં.વ. ૩૦ તથા તેમની પત્નિ કૈલાસબેન વાઘેલા ઉં.વ. ૨૮, તેમનો દિકરો જયદીપસિંહ વાઘેલા ઉં.વ.૯ તમામ રહે. જલુંદ, તા. જી. ગાંધીનગરનાઓને ઓછાવત્તા ઈજાઓ કરી ટ્રક ડ્રાઈવર નાસી ગયેલાનું હિંમતનગર ટાઉન પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

## ભિલોડાના વાઘપુર ગામે યુવકની આત્મહત્યા

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના વાઘપુર ખાતે એક યુવક કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ જતાં સારવાર દરમિયાન મરણ પામેલ વ્યકિત અંગે હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનો ગુનો નોંધાયો હોવાનું જાણવા મળે છે.


પ્રાપ્ત માહિતી અનુસાર તા. ૧૨-૨-૧૩ના રોજ વાઘપુર ખાતે રામજીભાઈ સમરાભાઈ કોપસી ઉ.વ.૨૦ રહે. વાઘપુર તા. ભિલોડાનાઓ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જતાં સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતાં તેઓનું ૧૨-૨-૧૩ના રોજ બપોરના ૩-૧૦નાસમયે મોત થયેલાનું હિંમતનગર ટાઉન પોલિસ સ્ટેશને સિવિલના ડૉ. એ.એમ.વેકરીયાએ જાણ કરેલાનું જાણવા મળે છે. આ અંગે પોલીસે મોતનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## રાજ્ય સરકારના પ્રવક્તા તરીકે નીતિનભાઈ પટેલ અને સૌરભભાઈ પટેલની વરણી

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીશ્રીઓ તરીકે નાણાં અને આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલની નિયુક્તિ કરી છે.

# સાબરકાંઠા જિલ્લાનું ઓફસાઈટ પ્લાનનું મોકડ્રીલ યોજાયું



સાબરકાંઠા, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે નં. ૮ પર કાટવાડ પાટીયા નજીક દલપુર ખાતે આવેલ હેકઝોન ઈન્ટરકેમ પ્રા.લી. નામના કેમીકલ કારખાનામાં ઈથીલીન ઓકસાઈડ ભરીને આવેલ રોડ ટેન્કર ખાલી કરતી વખતે અચાનક ફલેન્જમાંથી ઈથીલીન ઓકસાઈડ ગેસ લીક થઈને તેમાં આગ લાગવાનો સિનારીયો ઉભો કરીને ઓનસાઈટ ઈમર્જન્સી પ્લાનનું મોકડ્રીલ કરેલ. ત્યારબાદ, જિલ્લાનું ઓફસાઈટ પ્લાનને એકટીવેટ કરીને જિલ્લા ઓફસાઈટ પ્લાનનું મોકડ્રીલ કરવામાં આવેલ હતું. આ કામગીરીમાં જિલ્લા કલેકટરશ્રીની કચેરીના પ્રતિનિધિ તરીકે રેસીડન્સ એડીશનલ કલેકટરશ્રી એમ.જે. ઠકકરના માર્ગદર્શન હેઠળ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ડીઝાસ્ટર મામલતદાર કુ. દમયંતીબેન બારોટ, ડીઝાસ્ટર ઓફિસર શ્રી કનુભાઈ પટેલ તથા ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ કચેરી ગાંધીનગર-અમદાવાદના અધિકારી શ્રી કે.જે. બારોટ, શ્રી એચ.બી. ત્રિવેદી, શ્રી ડી.એમ.આચાર્ય, શ્રી એચ.એસ. પટેલ, સર્ટીફાઈંગ સર્જન ડૉ. બી.એન. પટેલ વગેરેની હાજરીમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરેલ. આ મોકડ્રીલ દરમિયાન ડીસ્ટ્રીકટ ક્રાઈસીસ ગ્રુપ-સાબરકાંઠાના મેમ્બર્સ તરીકે પોલીસતંત્ર, આરોગ્ય ખાતાના અધિકારી, ફાયરબ્રિગેડ નગરપાલિકા માહિતી ખાતાના અધિકારી એન.જી.ઓ. તેમજ મ્યુચ્યુઅલ એઈડ તરીકે આજુબાજુના કારખાનાઓ એશીયન ગ્રેનાઈટો, બાયર ક્રોપ્સ સાયન્સ, ટયુડોર ઈન્ડિયા, સાબર ડેરીના મેનેજમેન્ટ તથા સેફટી ઓફિસર્સ તથા સદરહું કારખાનાના શ્રમિકો તથા મેનેજમેન્ટના સહકારથી આ મોકડ્રીલ સફળતાપૂર્વક યોજવામાં આવેલ હતું.

આવા મોકડ્રીલ ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થના તંત્ર દ્વારા દર વર્ષે વિવિધ કારખાનાઓમાં તથા આજુબાજુના વિસ્તારોના રહેણાંકીઓમાં જાગૃતિ થાય અને આવા બનાવોમાં ગભરાટની લાગણી ન થાય તેમજ વહીવટી તંત્રમાં સતર્કતા લાવવા માટે યોજવામાં આવે છે.

## ધનસુરાના વિજેતા સરપંચોનો સત્કાર સમારોહ યોજાયો

ધનસુરા, તા.૧૨

ધનસુરા તાલુકાની ૧૩ ગ્રામ પંચાયતોની ચુંટણી તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ચુંટણીમાં વિજેતા થયેલ સરપંચોનો સન્માન સમારોહ જિલ્લા પંચાયતના રેસ્ટ હાઉસ ખાતે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે તમામ સરપંચોને પોતાના વિસ્તારના લોકો સાથે સંપર્કમાં રહી તેમના પ્રશ્નો દુર કરવા તેમજ જાગૃત રહી પોતાના વિસ્તારનો વિકાસ કરવો અને તે માટે તેઓ તેમની સાથે છે. તેમજ ધનસુરાના સરપંચ ત્રિવેણીબેન પટેલે પણ વિજેતા સરપંચોને અભિનંદન પાઠવી પોતાના વિસ્તારના પ્રશ્નો માટે જાગૃત રહેવા જણાવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, ધનસુરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા અરવિંદભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ મંત્રી નરેન્દ્રભાઈ પટેલ સહિત કોંગ્રેસના કાર્યકરો હાજર રહ્યા હતાં.

# મહેસાણાના કેટલાક ગામોમાં હજુ જાહેર શૌચાલયોની સુવિધા નથી

મહેસાણા, તા. ૧૨

મહેસાણા જિલ્લામાં કેટલાક વર્ષો પૂર્વે લગભગ તમામ ગામોને ગોકુળ ગ્રામ યોજના હેઠળ ગોકુલ ગામ તરીકેનું બિરૂદ મળ્યું હતું. પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે આઝાદીના વર્ષો વીતિ જવા છતાં હજી સુધી જિલ્લાના કેટલાક ગામોમાં પુરૂષ અને મહિલાઓ માટે જાહેર શૌચાલયોની જરૂરી પ્રાથમિક સગવડ ઉપલબ્ધ થઈ શકી નથી. પરિણામે ઘર આંગણે આ સગવડથી વંચિત એવા અસંખ્ય લોકો આજે પણ નિત્ય ક્રમ માટે ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

ગામડાઓમાં ખાસ કરીને શ્રીમંત તેમજ કેટલાક મધ્યમવર્ગના લોકોએ ઘર આગળ સંડાશની સગવડ કરેલ છે. જ્યારે કેટલાય ગરીબ અને મધ્યમ વર્ગના માણસો આજદિન સુધી સંડાશ બનાવી શક્યા નથી. જેની પાછળનું કારણ મોલ્લા, શેરીઓ અને રહેણાંકના મકાન આગળ જમીન ખુલ્લી જગ્યાનો અભાવ કારણભૂત મનાય છે.

એક બાજુ સરકાર, રાજકીય નેતાઓ, આગેવાનો, ગ્રામ પંચાયતના સરપંચો, સદસ્યો મહિલા ઉત્કર્ષની વાતો કરે છે. પરંતુ ગામડાઓમાં મહિલાઓ માટે જાહેર શૌચાલયોની જરૂરી સગવડ ઉભી કરવામાં સ્થાનિક તંત્રો નિષ્ફળ નિવડ્યા છે.

અગાઉ નિર્મળ ગુજરાત અંતર્ગત સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. પરંતુ તેનો અસરકારક રીતે અમલ થયો ન હતો. હાલ કેટલાય ગામોમાં નિયમિત સફાઈ થતી નથી. પરિણામે ગામમાં કચરાના ઢગ જોવા મળે છે. જિલ્લાના કેટલાય ગામોમાં જાહેર શૌચાલયોની સગવડના અભાવે લોકોને નિત્યક્રમ માટે ભારે હાડમારી વેઠવી પડે છે.

સરકારી ખુલ્લી તેમજ પડતર જમીનો પૈકી મોટાભાગની જમીનો પર ગેરકાયદેસરના કાચા પાકા દબાણો થયા છે. તેમજ કબજાઓ થયા છે. પરિણામે ગરીબવર્ગના લોકોને નિત્યક્રમ માટેની સરકારી ખુલ્લી જમીનો રહી નથી. આવા સરકારી તેમજ ગામઠાણની જમીનો પર આડેધડ રીતે દબાણો થયેલા છે. જેને દૂર કરવા તેમજ વધતા જતા દબાણોને અટકાવવા માટે લાગતા વળગતા તંત્રોએ આ દિશામાં ગંભીરતાપૂર્વક વિચારી ગરીબ અને મધ્યમવર્ગના લોકોને જાહેર શૌચાલયોની જરૂરી સગવડ મળી રહે તે માટે તાકીદે યોગ્ય કરવું જોઈએ તેવો લોકમત છે.

## છેતરપીંડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કહ્યું. અશોકભાઈ વિશ્વાસમાં આવી ગયા હતા એટલે તેઓ રૂપિયા આપ્યા બાદ સોનુ ચેક કરવા સોનીને ત્યાં ગયા હતા. ખબર પડી કે બીજા થયેલા સોનાનાં સોદામાં તેઓ છેતરાઈ ગયા હતા. બન્ને શખ્સો અશોકભાઈને નકલી સોનાની ગીની પધરાવી રૂ. ૩ લાખ લઈને રફુચક્કર થઈ ગયા હતા. આ કિસ્સા બાદ પોતાની જ ભુલથી પોતે છેતરાયા હોવાથી તેમણે ફરીયાદ કરવાનું ટાળ્યું હતું. પરંતુ તાજેતરમાં નરોડા પોલીસે આ જ એમ.ઓ.થી છેતરપીંડી આચરતા બે શખ્સોને પકડ્યા હોવાનું જાણતા તેમણે અડાલજ પોલીસનો સંપર્ક કર્યો હતો અને ૩ લાખની થયેલી છેતરપીંડી અંગે ગુનો નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી નરોડા પોલીસ સ્ટેશનથી આરોપીને ટ્રાન્સફર વોરન્ટથી લાવવા તજવીજ શરૂ કરી છે.

## સર્વે શરૂ કર્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરતીકંપ બાદ શહેરના આવાસોની સ્થિતિ ચકાસવા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સરકારી મકાનોને એકસલન્ટ, વેરી ગુડ, ગુડ અને પુવર તેમ ચાર કેટેગરીમાં મુકવામાં આવ્યા હતા. જો કે ત્યારબાદ આવાસ મજબૂતીકરણનું કામ હાથ ધરાતા તબક્કાવાર મકાનોની મરામત કરવાનું શરુ કરી દેવાયું છે પરંતુ હજુ મોટાભાગના આવાસો ભયજનક હોવાનું મનાઈ રહ્યું છે. ત્યારે સેકટરોમાં સ્થિત સરકારી મકાનોને મજબૂતીકરણ હેઠળ આવરી લેવા તંત્ર કક્ષાએથી ફરી એકવાર સર્વે હાથ ધરાયો છે. સર્વે બાદ અગ્રતા ક્રમ નક્કી કરી મકાનોના મજબૂતીકરણનું કામ હાથ ધરાશે.

## શિક્ષાત્મક કાર્યવાહી.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. તેમણે જણાવ્યું હતું કે આ મહત્વની ફરજ હોઈ કર્મચારી તેમાંથી મુક્તિ મેળવી શકે નહિ.

તાલિમના કાર્યક્રમમાં ગેરહાજર રહેનાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ માટે નોટીસો આપી અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે એમ પણ તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગર તાલુકા પંચાયતની આગામી રવિવારે ચૂંટણી યોજાવાની છે. ૩૧ બેઠકો માટેની આ ચૂંટણી માટે ૧૨૦૦ જેટલા કર્મચારીઓને ચૂંટણીની જુદી જુદી ફરજો સોંપવામાં આવી છે.

આ કર્મચારીઓને તાલિમ આપવાનો કાર્યક્રમ આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો હોવાનું ચૂંટણી અધિકારી શ્રી આર.પી. ભાટી તથા શ્રી તુવારે જણાવ્યું છે. હાલ આ ચૂંટણી અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ઈ.વી.એમ. મશીનોની સિલીંગની કામગીરી એક દિવસમાં પૂર્ણ થઈ જશે.

આ ચૂંટણી માટે ૧૬મીએ પોલિંગ પાર્ટીઓને એસ.ટી. બસ મારફતે તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં મોકલવામાં આવશે. આ માટે ૨૫ બસો પણ ગાંધીનગર ડેપોને ફાળવી આપવા જણાવાયું છે. ચૂંટણી કામગીરીને લઈ પોલિંગ સ્ટાફની કીટ પણ તૈયાર કરવામાં આવી રહી હોવાનું આ અધિકારીઓએ જણાવ્યું છે.

## સ્પષ્ટ બહુમતિ મેળવી


● અનુસંધાન પહેલાનું ચાલુ

ગણતરીના પ્રથમ રાઉન્ડમાં જ ભાજપના હમીદાબીબી પઠાણે કોંગ્રેસના ઉમેદવાર પારૂલબા ડાભી પર સરસાઈ પ્રાપ્ત કરી લીધી હતી. પ્રથમ રાઉન્ડમાં ૪૧ મતની સરસાઈ ભાજપે મેળવી હતી. પ્રથમ રાઉન્ડમાં પારૂલ બા ડાભીને ૩૪૮ મત મળ્યા હતા જયારે ભાજપના હમદાબીબીને ૩૮૯ મત મળ્યા હતા. બીજા રાઉન્ડમાં કોંગ્રેસને ૩૦૦ મત મળ્યા હતા જયારે ભાજપને ૩૩૫ મત મળ્યા હતા. આમ બંને રાઉન્ડમાં ભાજપના ઉમેદવારને ૭૬ મત વધુ મળતાં તેમને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા.

આ પેટા ચૂંટણીમાં ૯૪ મત રદ થયા હતા જે સૌથી નોંધનીય ઘટના છે. જેમાં મતદારે મતદાન કર્યા પછી મત રજીસ્ટર્ડ ન થતાં આ મત રદ થયા હતા.

પેથાપુર નગરપાલિકાની આ વોર્ડની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસે આ બેઠક બિનહરીફ મેળવી હતી. આજે મળેલા આ વિજયને પગલે હવે કોંગ્રેસે આ નગરપાલિકા ગુમાવી દીધી છે. ભાજપના સભ્યોની સંખ્યા ૧૨ થઈ છે જયારે કોંગ્રેસના સભ્યોની સંખ્યા ૯ થઈ છે. પેથાપુરના આ વોર્ડમાં ભાજપે પ્રથમવાર વિજય મેળવ્યો હોવાથી ભાજપના સ્થાનિક કાર્યકરોમાં ભારે ઉત્સાહનું મોજું પ્રસરી જવા પામ્યું છે.

## શબ્દાવલી - ૪૯૭૭



**આડી ચાવી**

૧. ગોલ્ડન જ્યુબીલી (૬)
૬. રોજ, નિત્ય (૨)
૭. કાંટા-તારની કરાતી આડશ (૨)
૮. લચકાતી ચાલ (૫)
૧૧. ...ઝરવી, બોલાચાલી થવી (૪)
૧૩. લગ્નવિધિમાં પુરાંત (૩)
૧૪. કાળજી, ચકાસવું તે (૪)
૧૭. દૂધ ગરમ કરતાં ઉપર થતું પડ (૨)
૧૮. માનીતા - અણમાનીતા (ની નીતિ) (૫)
૧૯. ખરીદી, શૉપિંગ (૩)

**ઊભી ચાવી**

૧. જોરથી પવન ફુંકાય ત્યારે થતો અવાજ (૪)
૨. વાયદો (૩)
૩. ...ગોટો, જુલાબ (૩)
૪. વસ્ત્ર ફાડ્યું હોય ત્યાં સાંધે તે, સિલાઈ (૪)
૫. વસ્ત્ર ફાટ્યું હોય ત્યાં સાંધે તે, સિલાઈ (૪)
૯. એક બાળરમત, બાઈ બાઈ ચારણી (૬)
૧૦. નજીક, પાસે (૩)
૧૧. મોચી, ચામડાનો ધંધો કરનાર (૩)
૧૨. દારૂ, મદીરા (૩)
૧૩. ... મનાવવો, શોક મનાવવો (૩)
૧૫. ...આગળ 'એ' મુકવાથી એક વ્યક્તિ જેવો ભાવ થાય (૩)
૧૬. 'ફલાણી' શબ્દ આડોઅવળો (૩)
૧૮. પતરવેલીયા બનાવવા પાનના ... બનાવવા પડે છે (૨)

**શબ્દાવલી ૪૯૭૬ના જવાબ**

**આડી ચાવી :-** (૧) વનચર (૪) હવાલો (૫) ગભરૂ (૬) પીર (૭) ચોખવટ (૧૦) ટીપ (૧૧) અવશેષ (૧૨) દુકાલ (૧૪) વન (૧૫) કડાયુ (૧૬) સંકોડુ (૧૮) દોટ (૨૦) રાશી (૨૧) કચુકો

**ઊભી ચાવી :-** (૧) વગર (૨) નભ (૩) ચરૂ (૪) હરખ (૫) દુડુ (૬) પીચોટી (૮) ટપાલ (૯) કવન (૧૧) અવકાશ (૧૩) કાયદો (૧૫) કડુચુ (૧૭) ચોક (૧૯) ટકો

## પંડિત દિનદયાલજીની ૪૫મી પુણ્યતિથી દિને પાલનપુરમાં શ્રધ્ધાંજલી અર્પણ

પાલનપુર, તા.૧૨

આ સુત્ર દ્વારા એકાત્મ માનવ વાદનો સંદેશો આપનાર ભારતીય જનસંઘના રાષ્ટ્રીય મહામંત્રી તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ પંડિત દિનદયાલજીની ગત તારીખ ૧૧મી ફેબ્રુઆરી પુણ્યતિથી દિન બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મુખ્યાલય ખાતે જિલ્લા અધ્યક્ષ શ્રી ડૉ. કે.એસ. મોગરાના અધ્યક્ષ સ્થાને શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજાયો હતો.

પ્રારંભમાં સ્વ. ઉપાધ્યાયજીના આજના બલિદાન દિવસને યાદ કરતાં જિલ્લા ભાજપના વરિષ્ઠ અગ્રણી શ્રી ગણપતભાઈ જોષીએ જણાવ્યું હતું કે ૧૯૬૮ની ૧૧મી ફેબ્રુઆરીએ આ મહામાનવની થયેલ હત્યા અને કાશ્મીરની જેલમાં શ્રી ડૉ. મુખર્જીનું મૃત્યુનું રહસ્ય આજદિન સુધી વણ ઉકલ્યું છે. આજે ભાજપ જે સત્તા સ્થાન સુધી પહોંચ્યો છે તેના મૂળમાં પાર્ટીના આ મહા માનવોનું બલિદાન છે. ઝડપથી રાષ્ટ્રવાદના સિધ્ધાંતો સાથે દેશમાં સર્વવ્યાપી બની રહેલી વિચારધારાને બ્રેક મારવા દેશના દુશ્મનો દ્વારા પંડિત દિનદયાલજીની હત્યા કરાઈ હતી.

આ પ્રસંગે ઉપસ્થિત કાર્યકરોને સંબોધતાં પ્રદેશ મંત્રી કે.સી. પટેલે જણાવ્યું હતું કે આજે ભાજપની જે દેશ ભરમાં પ્રગતિ થઈ છે તેનો શ્રેય કોઈ એક વ્યકિતને આપવો હોય તો તે સ્વ. પંડિત દિનદયાલજીને આપી શકાય તેમ છે. તેમનું જીવન અને સંદેશને કેન્દ્ર સ્થાને રાખીને આપણે સૌ આજે પાર્ટીનું કામ કરી રહ્યા છીએ. ભારતીય જનસંઘથી લઈ ભાજપ સુધીની યાત્રાને આલેખતાં શ્રી પટેલે ઉમેર્યું હતું કે ભાજપના સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના ધ્વજને દેશભરમાં વ્યાપત કરીને જ પંડિતજીને સાચી શ્રધ્ધાંજલિ આપણે આપી શકીએ.

## હવામાનમાં બદલાવ થતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખેડૂતોમાં થતી ચર્ચાઓ મુજબ કમોસમી વરસાદના હળવા ઝાપટા બાદ ઠંડીનો રાઉન્ડ લંબાશે તો પાક ઉત્પાદનમાં સારો એવો ફાયદો થશે તેવી આશા બંધાઈ હતી. પરંતુ હવામાનમાં આવેલા બદલાવને પગલે તો હવે પાક ઉત્પાદન પર વિપરીત અસરનો ભય ઉત્પન્ન થયો છે.

ગરમીનો માહોલ જે રીતે બની રહ્યો છે તેને પગલે એરંડાના પાકમાં પણ ખાખરાનો રોગચાળો ઉભો થવાનો ભય ઉત્પન્ન થવા પામ્યો છે. જિલ્લામાં ૨૮ હજાર હેકટર જેટલા વિસ્તારમાં એરંડાનું વાવેતર થયેલું છે.

જો કે ખેડૂતો હજુ એવો વિશ્વાસ ધરાવે છે કે ઠંડીનો માહોલ પુનઃ એકાદ બે દિવસમાં પુનરાગમન કરશે. જો આમ ના થાય તો ૧૦ થી ૨૦ ટકા જેટલી પાક ઉત્પાદન પર વિપરીત અસરો પડે તેવું અનુમાન છે.

રાત્રિના સમય દરમિયાન ભેજનું પ્રમાણ વધુ જોવા મળે છે. પરંતુ દિવસ દરમિયાન જે ગરમી પડે છે તેના પગલે પાક-ઉત્પાદન પર વિપરીત અસરો થવાનો ભય ખેડૂતોમાં પ્રસરી જવા પામ્યો છે. ભેજનું પ્રમાણ ગરમીના માહોલને કારણે ઉડી જવા પામે છે. પરિણામે એરંડાના પાકમાં પણ પાન પીળા પડી જવાની ફરિયાદો ખાસ કરીને માણસા તેમજ ગાંધીનગર તાલુકામાં વધુ જોવા મળી રહી છે. બટાટાના પાકમાં બટાકાનું ફળ દળ બનતું નથી. શાકભાજીનો રાજા ગણતા બટાટા ઉપરાંત શાકભાજીના અન્ય પાકોના ઉત્પાદન પર પણ વિપરીત અસરોનો ભય ઉભો થયો છે.

## ભાજપનો સપાટો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જીતી હતી. જાફરાબાદ, રાજુલા, સુરેન્દ્રનગર, જસદણ, ધોરાજી, ભાણવડ, બાટવામાં ભાજપની ભવ્ય જીત થઈ હતી. રવિવારના દિવસે નગરપાલિકાઓની ચૂંટણીમાં ૭૦ ટકાથી વધુ મતદાન થયું હતું. સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરમાં નગરપાલિકાઓમાં ભાજપે શાનદાર આગેકૂચ કરી હતી. વિધાનસભાની ચૂંટણીવેળા જે વાતાવરણ હતું. વાતાવરણ નગરપાલિકાઓની ચૂંટણીમાં પણ રહ્યું છે. શહેરી ક્ષેત્રોમાં ભાજપનું વર્ચસ્વ અકબંધ રહ્યું છે. આજે સાંજે તમામ પરિણામો મળી ગયા હતા. ચાણસ્માની તમામ ૧૫ બેઠકો ભાજપે જીતી લીધી છે. અવી જ રીતે ઝાફરાબાદ, જસદણ, ધોળાજી, ભાણવડ, બાટવા, સુરેન્દ્રનગરમાં ભાજપને બહુમતી જેટલી બેઠકો મળી જતા શાસન નક્કી થઈ ગયું હતુ. નગરપાલિકાની ચૂંટણી સ્થાનિક મુદ્દાઓ ઉપર લડવામાં આવી હતી. રવિવારે મતદાન યોજાયું ત્યારે ગાંધીનગરમાં ૭૫ ટકા અને અમદાવાદ નગરપાલિકા માટે ૬૫ ટકા જેટલું ઊંચું મતદાન થયું હતું. ઊંચા મતદાન બાદ ભાજપે મતદારોનો આભાર પણ માન્યો હતો. છેલ્લા દશકામાં રાજ્યોના શહેરોમાં આગવા વિકાસના કારણે ભાજપનો દબદબો વધ્યો છે. નગરપાલિકાની ચૂંટણી માટે ૧૭૦૨૬૦૭ મતદારો હતા. મળતા અહેવાલ મુજબ અમદાવાદ, સાણંદમાં ભાજપનો વિજય થયો થયો હતો. રાજકોટ, જૂનાગઢ, માણવદરમાં પણ ભાજપે સપાટો બોલાયો છે. ભાવનગરમાં પણ ભાજપે જીત મેળવી છે. આણંદમાં પણ ભાજપની જીત થઈ છે. મોટાભાગના વિસ્તારોમાં ભાજપે શાનદાર સપાટો બોલાવ્યો છે. દરમિયાન નગરપાલિકાની અન્ય ચૂંટણીમાં પણ ભાજપને ભગવો લહેરાવી દીધો છે. રાજકોટ જિલ્લા નગરપાલિકામાં પાચં પૈકી ચાર બેઠકો ભાજપે જીતી લીધી છે. વેરાવળ પાલિકામાં પણ ભાજપની શાનદાર જીત થઈ છે. નગરપાલિકાની ચૂંટણીને લઈને મતગણતરી શરૂ થયા બાદથી જ ભારે ઉત્સુકતા જોવા મળી હતી. પરિણામ આવી ગયા બાદ વિજયની ઉજવણી ભાજપના ઉમેદવારોએ કરી હતી. આ ઉપરાંત જે વિસ્તારમાં કોંગ્રેસની જીત થઈ હતી ત્યાં પણ ઉજવણી કરવામાં આવી હતી. પંચમહાલ નગરપાલિકામાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને જીત મેળવી હતી. સૌરાષ્ટ્રમાં પણ ભાજપની સ્થિતિ ખૂબ શાનદાર રહી છે.

**જોઈએ છે - મિલ્ક ટેન્કર**

**મિલ્ક ટેન્કર ભાડેથી જરૂર છે**

(૧૦૦૦૦ લિટર સુધીની કેપેસીટી) ઈચ્છીત વ્યક્તિઓએ જાહેરાતની તારીખથી તા. ૧૫-૨-૨૦૧૩ સુધી ઓફીસ ટાઈમ દરમિયાન ટેન્ડર ફી ભરી ફોર્મ ભરી પરત મોકલી આપવાના રહેશે.

મેનેજીંગ ડીરેક્ટરશ્રી

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

સેક્ટર-૨૫ 'ક' રોડ, ગાંધીનગર